# ભવની ભવાઇ

*(ભવાઈની સ્તુતિ સંભળાય છે. કેટલાક લોકો હિજરત કરીને જતા દેખાય છે - નદીકિનારે કેટલાક હરિજનોએ પડાવ નાખ્યો છે. એમાંનું એક બાળક મા પાસે જીદ કરે છે.)*

બાળક : મા! મા! મારે ઘરે જવું છે. મા! મારે ઘેર જવું છે. મા!

મા : ઘર ગયું ધુમાડે! ક્યાંથી લાવું તારું ઘર? હં? મર! મર કહું છું તો મરતોયે નથી.

*(મા બાળકને મારે છે. બાળક રડે છે, દાદા બાળકને તેડે છે.)*

દાદા : (બાળકને છાનો રાખતાં) હાં હાં... શું થયું?

બાળક : માએ મને માર્યું!

દાદા : ભૂલી જવાનું!

બાળક : પણ મને બહુ વાગ્યું.

દાદા : બહુ વાગ્યું? ક્યાં વાગ્યું?

બાળક : અહીં.

દાદા : અહીંયાં? (વહાલ કરીને) હવે? હવે કેવું લાગ્યું? એઈ જુવાનો! અલ્યા તાપણાં-બાપણાં કરો જરા, આ ટાબરિયાંનું મનેય માને.

બાળક : દાદા! કાલે રાતે શું થયું? આપણાં ઘર કોણે બાળી નાખ્યાં?

દાદા : કંઈ નહીં. એ મોટા લોકોના ખેલ... ચાલ્યા કરે!

બાળક : પણ કેમ?

દાદા : તને ખબર નથી ભઈલા. પહેલાંના વખતમાં તો

આથીયે ભૂંડા હાલ હતા આપણા. આપણે અછૂત કહેવાતા, અછૂત!

બાળક : હેં?

દાદા : ક્યાંય કંઈ અડકાય નહીં. આંખ ઊંચી કરાય નહીં. અરે, પડછાયોય નંખાય નહીં, તે વખતે તો-

જાત જાતના કરવેરા
ને એના અમે કેદી
અજબગજબના જગતના ફેરા
કાયદાઓ ભેદી બધા કાયદાઓ ભેદી.

બાળક : હેં?

દાદા : રહેવાનું ગામ બહાર
પાદરની પેલે પાર
અને પહેરવાનું?

બાળક : શું?

દાદા : કહું?

*વેશ રે જુઓ કેવો કાઢ્યો અછૂતનો*
*સૌથી જુદા એને પાડવાને*
*ઝાંખરું રે બાંધતા પૂંછડીની પેઠે*
*પોતાનાં પગલાંને ભૂંસવાને*
*એ તો કોટે લબડતી કુલડી રે બાંધતા*
*અભડાતું થૂંક એનું થૂંકવાને*
*બાંય એક ત્રીજી ને માથા પર ફાળકું*
*આઘેથી ઓળખાઈ આવવાને!*

બાળક : પણ કેમ?

દાદા : પૂછે તેનું ઘર વસે
પૂછે બધે જવાય,

સવાલ સાચો જે પૂછે
તેને સઘળું તરત કળાય.

**ગીત**

*ખળ ખળ વહેતી સઘળું સહેતી*
*નદી વહેતી જાય*
*પળ પળ કહેતી જાય*
*કાળમીંઢ આ ખડક મહીં જો*
*પંથ નવા કોરાય!*
*નદી વહેતી જાય*
*પળ પળ કહેતી જાય*
*નદી વહેતી જાય*
*ખળ ખળ વહેતી જાય.*

*વાત કહું છું વરસોની વસમી ભૂખ ને તરસોની*
*ભૂંડા હાલ હવાલ હતા માણસ ચીંથરેહાલ હતા*
*ચૂં કે ચાં નહોતા કરતા કરતા તે તો નક્કી મરતા*
*વાત વીતેલાં વરસોની વિસરાયેલાં વરસોની.*

■

*(રાજા દેખાય છે. તૈયાર થઈને બે રાણી સાથે મંદિરમાં જાય છે. પૂજારી આવકાર આપે છે.)*

*એક હતો રાજા*
*બબ્બે તેની રાણી*
*દીકરા વિના તોય એની*
*આંખે આવે પાણી!*

પૂજારી : પધારો પધારો મહારાજ, પધારો!
મહારાજનો જય હો!
(ભગવાનની મૂર્તિને) અરે ભગવાન! આ રાજપાટનો ધણી

તમારી સામે ઊભો છે. એનું વાંઝિયામેણું ટાળો મારા પ્રભુ! એમના પર કૃપા કરો. પ્રજા પર કૃપા કરો! આખા રાજ્ય પર કૃપા કરો! અમારા પર કૃપા કરો! એમને એક રાજકુમાર આપી દો! તમારા ભંડારમાં શેની ખોટ છે? જય હો! જય હો!

મહારાજની લાજ રાખજે પ્રભુ!

*(રાજા મંદિરમાંથી નીકળી મહેલમાં આવે છે. રાજાના મહેલમાં દુર્ગંધ આવે છે. રાજા અને રંગલો વાત કરે છે.)*

■

રંગલો : મહારાજને ઘણી ખમ્મા!

રાજા : રંગલા! આ શું?

રંગલો : શું?

રાજા : આ શું ગંધાય છે?

રંગલા! આમ ઊભો છે શું? ઊપડ અને વાસની તપાસ કર.

*(રંગલો જાય છે.)*

■

પ્રતિહારી : ગૌબ્રાહ્મણ પ્રતિપાળ! ધર્મધુરંધર! પ્રજાવત્સલ! રિપુસંહારક! સમરકેસરી! મહારાજાધિરાજ ચક્રસેન મહારાજ પધારે છે!

*(રંગલો દોડતો આવે છે.)*

રંગલો : પકડી! પકડી! પકડી! પકડી!

રાજા : હેં? શું પકડી?

રંગલો : ગંધ પકડી, મહારાજ!

રાજા : ક્યાં છે?

રંગલો : ત્યાંની ત્યાં જ.

રાજા : એટલે?

રંગલો : આ તો આપણી જ ગંધ છે, મહારાજ!

રાજા : એટલે?

રંગલો : એટલે કે બે દિવસથી રાજમહેલ સાફ જ નથી થયો.

રાજા : કેમ?

રંગલો : ભંગીઓ નથી આવ્યા.

રાજા : કેમ?

રંગલો : જાન લઈને બહારગામ ગયા છે.

રાજા : જાઓ! જ્યાં હોય ત્યાંથી હમણાં ને હમણાં પકડી મંગાવો, જાઓ!

■

*(ભંગીઓ દીકરો પરણાવીને પાછા વળતા હોય છે. સ્ત્રીઓ ગીત ગાય છે.)*

**ગીત**

*અમે ઇંદરડી ગૉમ લૂંટી આયા*
*વીવા હુઆ રંગેચંગે*
*ભલે રૂએ કંકુડીનો બાપ*
*વીવા હુઆ રંગે ચંગે*
*અલ્યા કૉનિયા, તું નેચું ના જોશ*
*વીવા હુઆ રંગે ચંગે*

*તારે રોટલાનો થિયો રૂડો જોગ*
*વીવા હુઆ રંગે ચંગે!*

*(સિપાઈ આવે છે.)*

ભંગી : અ રામરામ બાપલા! રામરામ! પાય લાગું બાપજીના.

મોટો સિપાઈ : એ રામરામ કરે છે પણ હમણાં મરામરા થઈ જશે.

ભંગી : પણ મારો કંઈ વાંક ગનો?

મોટો સિપાઈ : વાંકની વાત પછી, પણ પહેલાં વેશ ક્યાં છે? ફાળકો નથી, કુલડી નથી, પાછળ ઝાંખરું નથી – આ બધું માંડ્યું છે શું?

ભંગી : છોરો પૈણાવવા ગ્યો'તો ને!

સિપાઈ : તો પછી હાલો દરબારે!

*(ભંગીઓ માંહોમાંહે વાત કરે છે.)*

દરબારે તો...

*(ભંગીઓની વાતચીત)*

અરે - આ તો ભારે થઈ!
આ તો આફત આવી!
અરે પધરાવોને, એટલે –
હા, હા, આપી દો! આપી દો!
હા, હા, પતાવી નાખો.
પધરાવો ને!
હું આ પતાવી આવું.
હા.
જાઓ, જાઓ!

*(વરનો બાપ મોટા સિપાઈને પૈસા આપે છે.)*

નાનો સિપાઈ : પણ મોટા! આમના લેવાય?

મોટો સિપાઈ : પાણી છાંટીને લેવાય.

■

*(રાજાના મહેલમાં ગંધ આવે છે. રાજા દુઃખી થાય છે. રાજા પૂછે છે તે સવાલ આખા દરબારમાં ફરીને એનો જવાબ પાછો વળે છે.)*

રાજા : હજુ ગંધ કેમ બંધ નથી થઈ?

પ્રધાન : હજુ ગંધ કેમ બંધ નથી થઈ?

પ્રતિહારી : હજુ ગંધ કેમ બંધ નથી થઈ?

મોટો સિપાઈ : હજુ ગંધ કેમ બંધ નથી થઈ?

નાનો સિપાઈ : હજુ ગંધ કેમ બંધ નથી થઈ?

ચોકીદાર : હજુ ગંધ કેમ બંધ નથી થઈ?

બીજો ચોકીદાર : ખબર નથી.

નાનો સિપાઈ : ખબર નથી.

મોટો સિપાઈ : ખબર નથી.

દરબારી : ખબર નથી.

બીજો દરબારી : ખબર નથી.

પ્રતિહારી : ખબર નથી.

પ્રધાન : ખબર નથી.

રાજા : અરે, રંગલા!

રંગલો : ભંગીઓ હાજર છે મહારાજ!

ભંગીઓ : મહારાજને ઘણી ખમ્મા!

રાજા : ક્યાં મરી ગયા હતા?

રંગલો : મરી નહોતા ગયા, જાનમાં ગયા હતા.

રાજા : ખબર નથી કે જાનમાં જશે તો જાનથી જશે?

રંગલો : હેં?

રાજા : જાઓ, એક એકને લઈ જઈને એવા ચાબખા મારો કે ખો ભૂલી જાય.

જાઓ, લઈ જાઓ!

*(ભંગીઓને લઈ જવામાં આવે છે. નગરશેઠ આવે છે.)*

■

નગરશેઠ : મહારાજ! પ્રણામ!

રાજા : આવો આવો નગરશેઠ! શી નવાજૂની છે?

નગરશેઠ : જૂની તો એ કે આપના રાજ્યમાં ક્યારેય સૂર્ય આથમતો નથી અને નવી એ કે આપણી પચાસ પોઠો લૂંટાઈ! હવે પાકો બંદોબસ્ત કરવો જોઈએ, મહારાજ!

રાજા : એમ?

■

*(વિચિત્ર વેશધારી જાસૂસ આવે છે.)*

જાસૂસ : મહારાજાને ઘણી ખમ્મા!

રાજા : હેં? કોણ છે?

જાસૂસ : મહારાજ! હું પોતે જ!

રાજા : હેં?

*(પ્રધાન રાજાને સમજાવે છે.)*

પ્રધાન : મહારાજ! આ તો આપણો ખાસ જાસૂસ!

રાજા : જાસૂસ? અં... વળી પાછું શું છે?

જાસૂસ : સમાચાર માઠા છે. બળવાની વકી છે. ને રાજને માથે જોખમ છે મહારાજ!

રાજા : હેં?

જાસૂસ : લોકો ટોળે વળે છે અને અંદરોઅંદર બળે છે.

રાજા : હં? તો કટોકટી જાહેર કરી દો!

પ્રધાન : મહારાજ! આથી સારો એક ઉપાય છે.

રાજા : શું?

પ્રધાન : યુદ્ધ!

રાજા : યુદ્ધ?

પ્રધાન : લોકોને ગભરાવીને એમનું ધ્યાન બીજે દોરવાનો આનાથી સારો કોઈ ઉપાય છે?

નગરશેઠ : વાત તમારી - સો ટચનું સોનું!

રાજા : પણ સોનું ક્યાં છે?

નગરશેઠ : હં?

રાજા : લડાઈ લડવા પૈસા તો જોઈશે ને!

નગરશેઠ : સેવક હાજર છે મહારાજ! અમારું બધું તો આપનું જ છે ને! ને તમે હશો તો અમે હોઈશું.

■

*(સિપાઈઓ માર ખાઈને મરેલા ભંગીને ગાડામાં નાખે છે.)*

નાનો સિપાઈ : આ મડદાં ઊંચકવાનું તે કંઈ આપણું કામ છે?

મોટો સિપાઈ : ના રે! આપણું કામ તો મડદાં ઢાળવાનું, નહીં? એમ

કરતાં કરતાં એક દહાડો આપણે ઢળી પડવાના અને એ વખતે કોણ જાણે આવા ઊંચકનારાયે મળશે કે નહીં?

*(ન્યાયનો ઘંટ એક માણસના ખેંચવાથી વાગે છે.)*

નાનો સિપાઈ : આ શું?

મોટો સિપાઈ : ન્યાયનો ઘંટો!

કંઈ વાંધો નહીં આવે. ન્યાયને તે વળી કાન હોતા હશે?

■

*(નાની રાણીના મહેલમાં પ્રધાન.)*

નાની રાણી : (અરીસામાં જોઈને) હું કેવી લાગું છું? આમ બાઘાની જેમ જોયા શું કરે છે?

પ્રધાન : બાઘો તો છે તમારો ચકસેન રાજા!

નાની રાણી : મારા નસીબમાં બધા બાઘા જ લખ્યા છે કે શું?

■

*(રાજા પોતાના ખંડમાં ચોપાટ રમતાં હસે છે. રંગલો આવે છે.)*

રંગલો : મહારાજાને ઘણી ખમ્મા! નવા વેરાના પૈસા પહોંચી ગયા છે મહારાજ!

રાજા : હં? તો આપણે કેમ નથી પહોંચ્યા?

*(ખજાના તરફ જતાં જતાં રાજાને દુર્ગંધ સતાવે છે.)*

રાજા : આહ! આ તો ના સહેવાય.... ના સહેવાય...

રંગલો : બાપુ, કોને જઈ કહેવાય? રાજમહેલ ગંધાય એ તો આપણી આબરૂનો સવાલ છે!

રાજા : આ હજુ વાસ કેમ આવે છે?

રંગલો : આપ નામદારે ભંગીઓને માર મરાવ્યો તે બધા ઘાયલ થઈને પડ્યા છે.

રાજા : તો?

રંગલો : આ વાસથી ટેવાઈ જાઓ હવે.

રાજા : કેમ?

રંગલો : વાસ તો હવે આવવાની જ! મહેલ ક્યાં સાફ થયો છે?

રાજા : કેમ?

રંગલો : કોણ કરે?

■

*(ફરિયાદી ઘંટ ખેંચે છે.)*

ફરિયાદી : મહારાજ! ફરિયાદ છે ફરિયાદ છે ફરિયાદ છે મહારાજ!

*(ફરિયાદી પર ઘંટ પડે છે. તે દબાઈ જાય છે. નાની રાણીના મહેલમાં રાજા આવે છે. રંગલો બૂમ પાડે છે.)*

રંગલો : સાવધાન સાવધાન સાવધાન! સાવધાન! મહારાજાધિરાજ ચક્રસેન મહારાજ પધારે છે...

*(પ્રધાન રાણીના પલંગ નીચે સંતાય છે. રાજા અંદર આવે છે.)*

■

રાજા : રાણી! અમને તમે યાદ આવ્યાં!

નાની રાણી : કૃપા મહારાજની!

રાજા : (પલંગ પર બેસતાં) અત્યારે કોઈ દરબાર નથી. આવો અમારી પાસે બેસો! ના ના, ના ના! ના! ત્યાં સામે નહીં. અહીંયાં! અહીંયાં! અમારી પાસે જ! અહીંયાં! રાણી તમે રૂપાળાં છો.

નાની રાણી : જી!

રાજા : પાસે બેસો! પાસે બેસો! તમને એક વાત કહું.

નાની રાણી : આપને તો હજારો રાજકાજ સંભાળવાનાં હોય... વાતો પછી નિરાંતે કરીશું.

રાજા : ના ના ના ના ના! આ તો બહુ સરસ વાત છે. એક વાર શું થયું? અમે જંગલમાં શિકાર કરવા ગયા.

નાની રાણી : વાઘનો?

રાજા : ના. સસલાનો. એમ હસો નહીં! સસલું બહુ ચંચળ પ્રાણી હોય છે. તેનો શિકાર કરવામાં ચાલાકી જોઈએ... હાં...

નાની રાણી : આપણે રાતે આ વાત કરીશું. અત્યારે મારે કામ છે.

રાજા : અમારે કામ નથી તો તમારે ક્યાંથી કામ હોય? કામ તો દાસીઓ કરે. તમે રાણી છો! વાત સાંભળો–

*(રાજાને વાસ આવે છે.)*

રાજા : રંગલા! આવ! આ વાસનું કંઈ કર! રાણી! તમે અહીંયાં આવો! મારા ખોળામાં!

■

*(રાજમહેલના ચોગાનમાં રંગલા-રંગલીનું નૃત્ય અને ગીત)*

## ગીત

રંગલો : *હું તો કહું આ સમામાં મેલા દિલવાળી ભૂંડી*
*ભૂતળના ભાર જેવી નારીઓ અપાર છે!*
*કેશ કાળા, નેણ કાળાં, મન એનું કાળું કાળું-*
*સાચું કહું? સાચું? કાળાં મનની કરનાર છે!*
*છેતરે ધણીને, વળી છેતરે છે જગતને,*
*છેતરપિંડી જ એની જિંદગીનો સાર છે!*
*સામી કદી મળશો ન નારી એ જ માગું હરિ*
*એને લીધે ઝેર જેવો આખો આ સંસાર છે!*

રંગલી : *સાંભળી રંગલી કહે નારી ભલે ગમે તેવી*
*નરનું ન સાંભળો, એ જુઠ્ઠાનો સરદાર છે.*
*સાચાંખોટાં બહાનાં કાઢી રઝળતી નારી મેલી*
*ભમરાની પેઠે એને ભમવાનો પ્યાર છે!*
*પથ્થરનું દિલ એનું પીગળે નહીં કદીયે*
*કાળાં કામો કરવામાં એને કશી વાર છે?*
*અન્યના શું દોષ જુએ નીરખે જો આયનામાં*
*જોશે કે તે પોતે કેવો દોષનો ભંડાર છે!*

રંગલો : *ધુતારી ગોઝારી અને ઠગારી નઠારી નારી*
*સામે એની જોતાં લાગે પાપનો ન પાર છે!*
*ખોટાં કામ કરતાં ન પાછું વળી જુએ જરી*
*તીણા ને તેજીલા તીખા ખાંડાની એ ધાર છે!*

રંગલી : *ઊછર્યો છે જેના ખોળે પાડ તેનો માને નહીં*
*કાઢે ભૂંડી ગાળો અરે, તેને ધિક્કારે છે!*
*ખરેખરું બોલો બધા સજ્જનો ઓ સુણનારા*
*ચોરી કરી ચોર કેવો થાય શાહુકાર છે!*

રંગલો : ઓત્તારી!

*જળ છે ત્યાં સ્થળ અને સ્થળનું કરે તું જળ*

*શાને કાજે રાખે આવો ખોટેખોટો ખાર છે?*

રંગલી : *અવળી અક્કલ તારી સૂઝે નહીં વાત સાચી*
*નારી એ તો જગતનો સાચો શણગાર છે!*

*(નૃત્યગીત પૂરું)*

રાજાની બૂમ : ગંધ હજી બંધ કેમ નથી થઈ? રંગલા!

રંગલો : માર્યા ઠાર! રાજા ચિડાશે! મને જવા દે.

રંગલી : અલ્યા એઈ! પણ ખુશખબર તો સાંભળતો જા! મોટી રાણીનો પગ ભારે છે.

રંગલો : હેં?

■

*(ભાર ખાધેલો ભંગી મૃત્યુ પામે છે તેની પાછળ સ્ત્રીઓ કૂટે છે અને રાજિયા ગાય છે. રામનામના ધ્વનિ સાથે શબ લઈ જવામાં આવે છે.)*

<u>ગીત</u>

દાદા : *આંજણ આંસુનાં અંજાયાં!*
*સાજન ક્યાં રે સિધાવ્યા?*
*આંજણ આંસુનાં અંજાયાં....*
*કેમ રે ખૂટે આ ભવની વાટ*
*નાવલડી લાંગરશે કિયે ઘાટ? કિયે ઘાટ?*
*આંજણ આંસુનાં અંજાયાં*
*રેંટ ફરે તેમ વખત ફરે*
*સુખદુ:ખના વારાફેરા*
*રાણીના અંતરના પૂર્યા*
*પ્રભુએ કોડ અનેરા!*
*ખળ ખળ વહેતી સઘળું સહેતી*
*નદી વહેતી જાય પળ પળ કહેતી જાય!*

રસ્તો વાળનાર : મારે ઘેર આવજે માવા કઢીને કોદરા ખાવા.

જ્યોતિષી : જય જય જય ગંગે
જય જય નર્મદે કાવેરી! ગોદાવરી!
અરરર! હર હર શંભુ...
નર્મદે સિંધુ કાવેરી ગોદાવરી!

*(ઝાડુવાળાના પડછાયા પર પગ પાડતાં)*

અરરર... તેં આ શું કર્યું? સવારના પહોરમાં પવિત્ર બ્રાહ્મણને અભડાવ્યો?

રસ્તો વાળનાર : નહીં મહારાજ, મારું ધ્યાન ન હતું.

જ્યોતિષી : તારા ધ્યાનમાં મારું અપમાન થઈ ગયું તેનું શું? હવે મારું શું થશે? મારે ફરી સ્નાન કરવું પડશે!

■

*(મંદિરમાં રાજા, રાણીઓ, પૂજારી ને સોનામહોર વહેંચતો રંગલો)*

પૂજારી : પધારો પધારો મહારાજ! પધારો!
મહારાજનો જય હો! જય હો!
હે દીનાનાથ! હે અનાથના નાથ!

તારી લીલા અપાર છે. તારી કૃપા અપાર છે. તેં અમારી પ્રાર્થના સાંભળી. રાણીમાને સારા દિવસ દેખાડ્યા. હવે અમને રાજકુંવરનું મોઢું દેખાડ પ્રભુ!

■

*(રસ્તામાં જ્યોતિષી અને રસ્તો વાળનાર)*

જ્યોતિષી : ગંગે યમુને ચૈવ જય જય ગોદાવરી... જય જય નર્મદે તાપી! ગોદાવરી! હરહર ગંગે! અરરર, ઓ અભાગિયા! વળી પાછો તેં મને અભડાવ્યો?

જમડાની જેમ મારો રસ્તો રોકીને ઊભો છે તે શરમ નથી આવતી? ઓહો! તારી કઈ ગતિ થશે?

રસ્તો વાળનાર : હું તે શું જાણું? તમે જ્ઞાની છો.

જ્યોતિષી : સામું બોલે છે? અધમ? નરાધમ! મહાઅધમ! અધમાધમ! જાણે છે? હું મંતર ભણીશ તો તું છૂમંતર થઈ જઈશ!

રસ્તો વાળનાર : હા... એક ડૂબકી ફરી મારી આવો.

■

*(રાજાના મહેલમાં રાજા ને રંગલો, જાસૂસ આવે છે.)*

જાસૂસ : મહારાજને ઘણી ખમ્મા!

રાજા : શા સમાચાર છે?

જાસૂસ : અરે સાવ નઠારા છે.

આપણે કરીએ ચડાઈ અને જામે લડાઈ
એની રાહ જ કોણ જુએ છે?

રાજા : કેમ? કેમ?

જાસૂસ : આપણે પડોશી રાજા સામે લડાઈ જાહેર કરીએ તે પહેલાં એ જ આપણી પર ચડી આવે છે.

રાજા : હેં?

જાસૂસ : આપણા રાજની પ્રજાને ગભરાવવા અને લડતી અટકાવવા ને શૂરી બનાવવા આપણે જે ઉપાય શોધ્યો હતો એ જ એણે ચોરી લીધો.

રાજા : એમ? તો યુદ્ધ જાહેર કરો. આપણે લડી લઈશું.

■

*(નાની રાણી ગુસ્સામાં પ્રધાન પર વાસણો ફેંકે છે.)*

નાની રાણી : મરો! મરો! મરો અહીંયાંથી! બાયલાઓ!

પ્રધાન : અરે!

નાની રાણી : મરો! મરો અહીંયાંથી! હું બધું ફોડી નાખીશ. મરો! મરો છો કે નથી મરતા!

પ્રધાન : પણ સાંભળો–

નાની રાણી : મોટી રાણી રાજમાતા થવાની.... બધા બાયલાની જેમ જોતા રહ્યા?... તમે મને કહ્યું પણ નહીં....

પ્રધાન : સાંભળો!

*(રસ્તામાં દાંડી પિટાય છે.)*

દાંડી પીટનારો : જે કોઈ હથિયાર ચલાવી જાણે તેને હાજર થવાનું છે. મહારાજાની આણ છે!

■

*(રાજાના મહેલમાં રાજા અને નગરશેઠ)*

નગરશેઠ : વાત એમ છે કે નાણાં તો હમણાં રોકાયેલાં છે. આવું બધું જરા અમને પૂછીને શરૂ કરતા હો તો!

રાજા : પણ પડોશી રાજા કંઈ અમને પૂછીને નથી ચડી આવતો. મેં તમને કહ્યું તો હતું કે પૈસા જોઈશે!

નગરશેઠ : પણ – લાવવા ક્યાંથી?

રાજા : કાળા ચોરના લાવો, પણ પૈસા જોઈશે એટલે જોઈશે.

નગરશેઠ : નારાજ ન થાઓ મહારાજ. આમ તો બધું જ આપનું જ છે ને! પણ નાણાં હમણાં બધાં રોકાયેલાં છે અને બજારમાં બહુ તંગી છે. હું તપાસ કરી જોઉં, પણ વ્યાજ જરા બમણું....

■